## સચિનમાં રોડ ક્રોસ કરતા યુવકનું કાર અડફેટે મોત

સુરત : મૂળ બિહારના વતની કમલેશ રામપ્રવેશ સિંગ (24 વર્ષ) હાલ સચિન જીઆઇડીસી પ્રિન્સસાઈ નગર સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. કમલેશ કાર ડ્રાઈવર તરીકે નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. ગુરુવારે રાત્રે કમલેશ ઘર પાસે રોડ ક્રોસ કરી રહ્યો હતો. ત્યારે પલસાણથી હજીરા તરફ જતી કારનો ચાલકે કમલેશને ટક્કર મારી ભાગી ગયો હતો. અકસ્માતમાં ઇજાગ્રસ્ત કમલેશને 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. કમલેશને 6 દિવસનો એક પુત્ર છે.

## રંગોલી ચોકડી પાસે ટાયર ફાટતાં ટ્રકમાં આગ લાગી

સુરત : સુરતના છેવાડે આવેલી રંગોલી ચોકડી પાસે ગોથાણ બ્રિજ પર આજે બપોરે કપચી લઈને જતી ટ્રકમાં ટાયર ફાટવાથી આગ લાગી હતી. બપોરે અઢી વાગ્યે અરેઠથી કપચી લાવી હજીરા તરફ જઈ રહેલી તાતા ટ્રક GJ 16-8900નું રંગોલી ચોકડી આગળ, ગોથાણ બ્રિજ પર ટ્રક ચાલક અતુલ ચૌધરીના જણાવ્યા મુજબ પાછળનું ટાયર ફાટવાથી આગ લાગી હતી. આગનાં કારણે પળવારમાં ટ્રકની બોડી ખાખ થઈ હતી. ત્યારે કોસાડ અને મોટાવરાછાની ફાયર ટીમે ઘટના સ્થળે જઈ આગ કાબૂમાં લીધી હતી. ટ્રક હાઈવે પર હોવાના કારણે ઘટના દરમ્યાન ટ્રાફિક જામ થયો હતો. જો કે કોઇને ઇજા કે જાનહાનિ નહીં થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

## એલ.એચ. રોડના યુવકનો ઝેર પીને આપઘાત

સુરત : મૂળ ગીર-સોમનાથના વતની ભાવેશકુમાર જોધાભાઈ સોલંકી (19 વર્ષ) હાલ લંબેહનુમાન રોડ પર આવેલી સત્તાધાર સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. ભાવેશકુમાર ભાગીદારીમાં સિલાઈ મશીનનું ખાતું ચલાવતો હતો. ગુરુવારે રાત્રે ભાવેશકુમારે સીમાડારોડ મેલડી માતાના મંદિર પાસે ઝેર પીને આપઘાત માટેનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન સરથાણા મારુતિ ચોક પાસે પહોચતા તેને ઉલટીઓ થવા લાગી હતી. જેથી ભાવેશકુમારે તેના ભાગીદાર અને પરિવારને બનાવની જાણ કરી હતી. બાદમાં ભાવેશકુમારને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટુંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું હતું.

## પાંડેસરામાં બીમારીથી કંટાળી ઓરિસ્સાવાસી મહિલાએ ઝેર પીધું

સુરતઃ મૂળ ઓરિસ્સાના વતની સીમાચલ શાહુ હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલા ક્રિષ્નાનગરમાં પત્ની મામાજીની (ઉ.વ.30) તેમજ બે સંતાન સાથે રહે છે. તે શાકભાજીની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. સીમાચલની પત્ની મામાજીનીને અલગ-અલગ બીમારી હતી. જેથી તેના ડિપ્રેશનમાં આવી ગુરુવારે સાંજે તેણીએ ઝેર પીને આપઘાત માટે પ્રયાસ કર્યો હતો. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે મામાજીનીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર બાદ તેણીનું મોત નીપજ્યું હતું.

## ઉધના ડાઈંગ મિલમાં ટ્રોલી સાથે બીજા માળેથી પટકાયેલા આધેડનું મોત

સુરત : ઉધના ડાઈંગ મિલમાં ટ્રોલી સાથે બીજા માળેથી નીચે પટકાયેલા આધેડનું મોત નિપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની શિવમુરત દેવરાજ આદિવાસી (52 વર્ષ) હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલા મુક્તિનગરમાં એક સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. શિવમુરત ઉધના વિસ્તારમાં આવેલી એક ડાઈંગ મિલમાં મજૂરીકામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. ગુરુવારે સાંજે શિવમુરત મિલમાં નોકરી પર હાજર હતો. દરમિયાન તે મિલના બીજા માળેથી ટ્રોલી લઈને ગુડ્સ લિફ્ટના ભાગેથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે અકસ્માતે તે લિફ્ટના પેસેજમાં ટ્રોલી સાથે નીચે પટકાયો હતો. જેથી તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. બનાવને પગલે ઉધના પોલીસે તપાસ હાથ ધરી છે.

**એરપોર્ટ ઓથોરિટીના કોન્ટ્રાક્ટરે 35 કર્મચારીને પગાર નહીં ચૂકવતા**

# એરપોર્ટ પર DG યાત્રા સર્વિસ અટકી

**કોન્ટ્રાક્ટ** એજન્સી સ્વસ્તિક સ્ટોલને કોન્ટ્રાક્ટ કેમ રદ ન કરવો? એરપોર્ટ ડિરેક્ટરે શોકોઝ નોટિસ આપી




સુરત : સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા નિયુક્ત કોન્ટ્રાક્ટ એજન્સી સ્વસ્તિક સ્ટોલ દ્વારા DG યાત્રા સર્વિસના 35 DG બડીઝ કોન્ટ્રાક્ટના કર્મચારીને છેલ્લા બે મહિનાથી પગાર અને દિવાળી બોનસ નહીં ચૂકવતા કર્મચારીઓ આજે કામે ચઢ્યાં ન હતા. એને લીધે સુરત એરપોર્ટ પર ચાલતી DG યાત્રા સેવાને અસર થઈ હતી.

સુરત એરપોર્ટ ડિરેક્ટર આનંદકુમાર શર્માએ પત્રકારોને જણાવ્યું હતું કે, કોન્ટ્રાક્ટ એજન્સીએ બે મહિનાનું વેતન અને દિવાળી બોનસ ચૂકવ્યું નથી. અમે કોન્ટ્રાક્ટ એજન્સી સ્વસ્તિક સ્ટોલને કોન્ટ્રાક્ટ કેમ રદ ન કરવો? તેની શોકોઝ નોટિસટ આપી છે.

### એરપોર્ટ પર તૈનાત કર્મચારીઓ ડીજી યાત્રાના નથી: ડીજી યાત્રાના સીઈઓ

ડીજી યાત્રા ફાઉન્ડેશનના સીઈઓ સુરેશ ખડકભાવીએ 'ગુજરાતમિત્ર'ને જણાવ્યું હતું કે, એરપોર્ટ પર તૈનાત કર્મચારીઓ ડીજી યાત્રાના નથી.

### GST નંબર રદ છતાં એરપોર્ટ ઓથોરિટીએ સ્વસ્તિક સ્ટોલને કોન્ટ્રાક્ટ આપ્યો!

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ટેન્ડર પર્ક્રિયાથી નિયુક્ત કોન્ટ્રાક્ટ એજન્સી સ્વસ્તિક સ્ટોલ પાસે જીએસટી રજિસ્ટ્રેશન નંબર નહીં હોવા છતાં એરપોર્ટ ઓથોરિટીના ભ્રષ્ટ અધિકારીઓએ આ એજન્સીનું વર્ષ 2025/26 માટે ટેન્ડર મંજૂર કર્યું હતું. 35 DG બડિઝ કોન્ટ્રાક્ટના કર્મચારીને પગાર અને બોનસ ન મળ્યું એ માટે જેટલી જવાબદાર કોન્ટ્રાક્ટ એજન્સી છે. એટલી જ જવાબદાર એરપોર્ટ ઓથોરિટીનું તંત્ર છે.

### સુરત એરપોર્ટને લેભાગુ એજન્સી જ મળે છે!

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટને લેભાગુ એજન્સીઓ જ મળે છે. જે એજન્સી કોન્ટ્રાક્ટની શરતો ફુલ ફિલ નથી કરી શકતી તેઓ જ્યારે અધ વચ્ચે રવાના થાય છે. કોન્ટ્રાક્ટના કર્મચારીઓનો પગાર, બોનસ, પીએફ. ESIC ની રકમ ચૂકવ્યા વિના ભાગી જાય છે. અગાઉ બર્ડ હિટ રોકવા ફટાકડા ફોડનાર એજન્સી હોય કે અગાઉનો જૂનો પાર્કિંગ કોન્ટ્રાક્ટર, આ એજન્સીઓ કોન્ટ્રાક્ટના કર્મચારીઓનો છેલ્લા બે મહિનાનો પગાર ચૂકવ્યા વિના જ ભાગી ગઈ હતી. હવે આ શ્રેણીમાં AAI ના કોન્ટ્રાક્ટ એજન્સીના DG યાત્રાના ડિજીબડીઝનો ઉમેરો થવા જઈ રહ્યો છે. આવું શક્ય ત્યારે જ બની શકે જ્યારે એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓની એજન્સી સાથે મિલી ભગત હોય, નહીંતર સુરત એરપોર્ટ ઓથોરિટીએ આવી નાદાર એજન્સીની જાણ EPFO અને ESIC કમિશનરને તાત્કાલિક કરી દીધી હોય.

# કેરોસીન ભરેલા કેન સાથે ખેતરમાં જઈ પરિણીતાએ અગ્નિસ્નાન કરી લીધું

**અગ્નિસ્નાન** કરનાર પાલનપુરના કેનાલ રોડ પર ડિવાઈન ડિઝાયરમાં રહેતી ઉમા માંડોતને હોસ્પિ. લઈ જવાઈ, પણ બચાવી શકાઈ નહીં

સુરત : પાલનપુરના કેનાલ રોડ પર રહેતી પરિણીતાએ આજે ઘરેથી કેરોસીન ભરેલું કેન લઈ ભેંસાણ રોડ પરના ખેતરમાં જઈને અગ્નિસ્નાન કરી લીધું હતું.

પાલ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, પાલનપુર ગામ કેનાલરોડ ખાતે આવેલી ડિવાઈન ડિઝાયર નામની બિલ્ડિંગમાં મોહિતભાઈ માંડોત પત્ની ઉમા (25 વર્ષ) તેમજ એક પુત્રી સાથે રહે છે. મોહિતભાઈ કાપડ માર્કેટમાં વેપારી છે. ગુરુવારે બપોરે 4:20 વાગ્યાના અરસામાં મોહિતભાઈની પત્ની ઉમાએ ઘરમાં પ્લાસ્ટિકના કેનમાં મૂકેલું કેરોસીન લઈને મોપેડ પર ઘરેથી નીકળી ગઈ હતી. દરમિયાન ઉમા ભેંસાણરોડ હરિરામ ફાર્મની પાછળ આવેલા એક ખેતર પાસે ગઈ હતી અને પોતાના પર કેરોસીન છાંટીને આગ લગાવી દીધી હતી.

થોડાક સમય બાદ ઉમાની બૂમાબૂમ સંભાળીને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઉમા પર લાગેલી આગને બુઝાવી 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. બનાવને પગલે પાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પરિણીતાનું શરીર ૯૦ ટકા સુધી બળી ગયું હતું

નવી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટર રાજેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, પરિણીતાએ આખા શરીર પર કેરોસીન નાખીને પોતાને આગ લગાવી દીધી હતી. જેમાં 90%થી વધારે શરીર સુપર ફિશિયલ બન્સ થઈ ગયું હતું, એટલે કે ઉપરથી બળી ગયું હતું.

### કોઈ સળગતું હોય એવો જોરથી અવાજ આવતાં મેં ઘરની બાલ્કનીમાંથી જોયું

આ ઘટનાને જોનાર પ્રથમ વ્યક્તિ વિજય આનંદભાઈ બારૈયાએ જણાવ્યું હતું કે, જ્યાં ઘટના બની તેની પાસે જ મારું રહેવાનું છે. હું સાંજે ઘરે હતો. દરમિયાન આગ લાગે ત્યારે લોકો બુમ પાડે એવો બે વાર અઆજ આવતા મેં બાલ્કનીમાં આવીને જોયું તો કોઈ વ્યક્તિ સળગી રહ્યું હતું. જેથી હું બીજા લોકોને બોલાવી સ્થળે દોડીને ગયો અને 112 પર કોલ કરીને પોલીસ અને 108 એમ્બ્યુલન્સને બોલાવી હતી.

# ચિકનના ધંધાની હરીફાઈમાં વરાછામાં પરિણીતાની છેડતી

**લારી** પાસે ઊભા રહી અભદ્ર ઈશારા કરનારા બે સામે ગુનો દાખલ

સુરતઃ ચિકનના ધંધાની હરીફાઈ બે યુવકોને એટલી ખટકી કે મહિલા વેપારી અને તેના પતિને હેરાન કરી નાંખ્યાં હતાં. મહિલાનો પીછો કરી અશ્લીલ ઈશારા કરવાથી લઈને પતિને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી.

વરાછા વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ ચિકનના ધંધાની હરીફાઈને કારણે બંને યુવકો સતત હેરાનગતિ અને અશ્લીલ વર્તન કરતા હોવાનો આરોપ લગાવ્યો છે. મહિલાએ જણાવ્યું કે, હું અને મારા પતિ વરાછા વિસ્તારમાં ચિકનની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવીએ છીએ. પરંતુ તેમની સામે જ ચિકનની લારી ચલાવતા બે યુવક મહેન્દ્ર ઉર્ફે ગુલો હરીશભાઈ રાણા અને નિખિલ ઉર્ફે ટકલો તેમની સાથે સતત દુર્વ્યવહાર કરી રહ્યા હતા. મહિલાના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાક દિવસોથી આ બંને યુવકો ધંધાની હરીફાઈ રાખી તેમને ઈરાદાપૂર્વક હેરાન કરતા હતા. અશ્લીલ ઈશારા કરી ગાળો આપવા સાથે ચેનચાળા કરતા હતા.

ઘણી વખત તો તેઓ મહિલાનો પીછો કરી રસ્તામાં પણ અયોગ્ય વર્તન કરતા હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. જ્યારે મહિલાના પતિએ આરોપીઓને આવું વર્તન ન કરવા ટકોર કરી તો બંને શખ્સોએ તેમને ખુલ્લેઆમ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આથી પરિવાર ભયભીત થઈ ગયો હતો. આથી તેમણે પોલીસ મથકનો સહારો લીધો હતો. ફરિયાદ મળતાં વરાછા પોલીસે મહેન્દ્ર ઉર્ફે ગુલો અને નિખિલ ઉર્ફે ટકલો સામે ગુનો નોંધી બંને આરોપીનો પૃષ્ઠભૂમિ તપાસી કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી છે.

# ટ્રાફિક નિયમનો ભંગ કરનાર 1097નાં લાઇસન્સ રદ થશે

**સૌથી** વધુ કતારગામ, મહિધરપુરા, સલાબતપુરા અને પુણામાં 467 લોકોનાં લાઇસન્સ રદ કરી દેવાશે

સુરત : દિવાળી વેકેશન પૂરું થયા બાદ ટ્રાફિક નિયમનું ઉલ્લંઘન કરનારા સામે શહેર પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. જે ગત 27મીના રોજ માત્ર એક દિવસમાં જ ટ્રાફિક સિગ્નલ તોડનાર અને રોંગ સાઈડ વાહન ચલાવનાર 1097ને પકડી પાડી તેમના લાઇસન્સ સસ્પેન્ડ કરવા માટે આરટીઓમાં રિપોર્ટ કર્યો છે. જેમાં સૌથી વધુ રીજીયન 2માં સમાવિષ્ટ કતારગામ, મહિધરપુરા, પુણા અને સલાબતપુરા વિસ્તારમાં 467 કેસો રોંગ સાઇડ અને સિગ્નલ તોડવાનો કેસો કરવામાં આવ્યા છે.

### 20 ટકા શહેરમાં સિગ્નલ પર સમય મશીન બંધ

શહેર ટ્રાફિક વિભાગે સિગ્નલ તોડનાર અને રોંગ સાઇડ ચલાવનાર વિરુદ્ધ મુહિમ ચાલુ કરી છે પણ કેટલાક શહેરીજનોમાં રોષ જોવા મળ્યો છે. શહેરના ટ્રાફિક પોઇન્ટ પર ચાલતા સિગ્નલો પર સમય બતાવે તે એક ડિસ્પ્લે છે જેને લઈ સિગ્નલ ક્યારે ચાલુ થવાનું અને ક્યારે બંધ થવાનું તેની જાણ થયા છે. પરંતુ શહેરમાં કેટલાક ટ્રાફિક પોઇન્ટ પર આ ડિસ્પ્લે ચાલુ છે પણ સમય બતાવતું નથી. જેને લઈ કેટલીક વખત વાહન ચાલક મૂંઝવણમાં મુકાઈ છે. આ ડિસ્પ્લે પર સમય બતાવતા નહીં હોવાથી શહેરીજનોમાં રોષ જોવા મળ્યો છે. 20 ટકા જેટલા ડિસ્પ્લે સમય બતાવતા નથી.

**ક્યા રિજીયનમાં કેટલા કેસ**

| રિજીયન | કેસ |
|---|---|
| 1. | 95 |
| 2. | 467 |
| 3. | 207 |
| 4. | 325 |

શહેર પોલીસ દ્વારા ટ્રાફિક નિયમન માટે ભાર મૂકવામાં આવ્યો છે. પણ હજુ ઘણા વાહન ચાલકો ટ્રાફિક નિયમનું પાલન કરતા નથી.

સુરત શહેર ટ્રાફિક શાખા દ્વારા તા.27મીના રોજ ખાસ ડ્રાઇવ કરવામાં આવી હતી. જેમાં ટ્રાફિક સિગ્નલ તોડનાર અને રોંગ સાઇડમાં વાહન ચલાવનાર સામે કેસ કરવામાં આવ્યા હતા.

એક દિવસમાં જ પોલીસે 1097 કેસ કર્યા હતા. જેને પગલે લોકોમાં ટ્રાફિક સેન્સ રહે અને દાખલો બેસે તે માટે પોલીસે આ તમામ વાહન ચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કરવા માટે આરટીઓમાં રિપોર્ટ કર્યો છે.

# પુણા પોલીસે ખુલ્લામાં જુગાર રમતા નવને ઝડપી પાડ્યા

**રોકડ** સહિત કુલ રૂ.1.07 લાખનો મુદ્દામાલ કબજે

સુરતઃ પુણા પોલીસે બાતમીના આધારે પરવટ પાટિયા દાદાવાડી સ્થિત કુશલ દર્શન કોમ્પ્લેક્સમાં દાદર ઉપર અચાનક રેડ કરતાં ખુલ્લામાં તીન પટ્ટીનો જુગાર રમતા 9 જુગારીને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ સહિત કુલ રૂ.1.07 લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે.

પુણા પોલીસે બાતમીના આધારે પરવટ પાટિયા દાદાવાડી ખાતે આવેલા કુશલ દર્શન કોમ્પ્લેક્સમાં દાદર ઉપર રેડ કરી હતી. તીનપત્તીનો જુગાર રમતા 9 શખ્સને પોલીસે ઘેરાબંધી કરી ઝડપી પાડ્યા હતા, જેમાં શૈલેષ અશોકકુમાર બોથરા (રહે., દર્શન દાદાવાડી, પરવટ પાટિયા), કૃણાલ જગદીશચંદ બોથરા (રહે.,નીલકંઠ સોસા., ડુંભાલ ફાયર સ્ટેશન પાસે, લિંબાયત), મનોજ બંસીધર સાજેડ (રહે.,બિલ્ડિંગ નં.5, મોડલ ટાઉન, લિંબાયત), રાહુલ ગૌતમભાઈ શાહ (રહે.,કુશલ દર્શન દાદાવાડી, પરવટ પાટિયા), અરવિંદ અશોકભાઈ જૈન (રહે.,શ્યામ વાટિકા સોસાયટી, ડુંભાલ હનુમાન મંદિર પાસે, લિંબાયત), સૌરવ રામલાલ જૈન (રહે.,વાટિકા ટાઉનશીપ, ડુંભાલ ફાયર સ્ટેશન પાસે, લિંબાયત), હરેશ બાબુલાલ જૈન (રહે.,અભિલાષા હાઈટ્સ, આઈમાતા ચોક, પુણા), રાજેશ માંગીલાલ જૈન (રહે.,શુભમ એલિગન્ટ, પુણા) અને મનીષ માંગીલાલ જૈન (રહે.,નીલકંઠ સોસાયટી, ડુંભાલ ફાયર સ્ટેશન પાસે, લિંબાયત)નો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી અંગજડતી કરતાં જુગારના ઉપયોગ લેવાયેલા રોકડા રૂ.99,340, ઉપરાંત દાવ પર મુકાયેલા રૂ.7,850 મળી કુલ રૂ.1,07,190નો મુદ્દામાલ કબજે કર્યો છે. સાથે જ પત્તાં, મોબાઈલ ફોન અને અન્ય સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે.

# અમરોલી પોલીસ 'ઊંઘતી' રહી અને ક્રાઈમ બ્રાંચે દારૂ પકડી પાડ્યો

**સરદાર** નગરના મકાનમાંથી લાખોના દારૂના જથ્થા સાથે એક બુટલેગર ઝડપાયો, બે વોન્ટેડ

સુરત : ક્રાઈમ બ્રાન્ચે ચોક્કસ બાતમીના આધારે રેડ કરતાં લાખોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો બહાર આવી ગયો હતો. એક બુટલેગરને રંગે હાથ પકડી પાડી બે ઈસમો વોન્ટેડ જાહેર થયા છે.

રેડની કાર્યવાહી બાદ અમરોલી પોલીસની કાર્યક્ષમતા અને ગેરકાયદે પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવાની ભૂમિકા પર ગંભીર સવાલો ઊભા થયા છે.

ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ રણજીતસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે અમરોલી કોસાડ આવાસની પાછળ આવેલા સરદાર નગરના મકાન નંબર-69 પર રેડ કરવામાં આવી હતી. ટીમે મકાનની તપાસ કરતા અંદર મોટા પાયે ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંગ્રહ કરેલો મળી આવ્યો હતો.

પોલીસે સ્થળ પરથી કુલ 34 પેટી, જેમાં 1,632 બાટલીઓ સહિત અંદાજે રૂપિયા 4,08,000નો દારૂનો જથ્થો, તેમજ રૂપિયા 5,000ની કિંમતનો મોબાઇલ ફોન મળી કુલ રૂપિયા 4,13,000નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ઘટના સ્થળેથી મુખ્ય આરોપી ગોપાલ મુકેશભાઈ ગેડીયા (રહે. સરદાર નગર સોસાયટી, અમરોલી) ને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે તપાસ દરમિયાન દારૂના જથ્થા સાથે જોડાયેલા બે અન્ય ઈસમો હાર્દિક દેવાણી (રહે. મોટા વરાછા) અને પહુભાઈ આહિર (રહે. અમરેલી)ને વોન્ટેડ જાહેર કર્યા છે.

બંનેની ભૂમિકા અંગે તપાસ ચલાવવામાં આવી રહી છે. આ કામગીરી ક્રાઈમ બ્રાન્ચે સફળતાપૂર્વક કરી હોવા છતાં સ્થાનિક અમરોલી પોલીસ સમગ્ર કામગીરી દરમિયાન સંપૂર્ણ રીતે અજાણ રહી હતી. વિસ્તારમાં ચાલતા દારૂના ધંધા અંગે સ્થાનિક પોલીસે સમયસર કાર્યવાહી નહીં કરી એ ગંભીર બેદરકારી ગણાવી શકાય છે.

રહેવાસીઓએ પણ અવારનવાર સૂચનાઓ આપી હોવા છતાં અમરોલી પોલીસ તરફથી અપેક્ષા મુજબની કાર્યવાહી નહીં થતા નિરાશા વ્યક્ત કરી છે. ક્રાઈમ બ્રાન્ચની આ રેડથી અમરોલી પોલીસ તંત્રની કામગીરી પર સીધો સવાલ ઊભો થયો છે કે શું સ્થાનિક પોલીસને આ ગેરકાયદે દારૂના ધંધાની જાણ ન હતી કે તેમણે ઈરાદાપૂર્વક અવગણના કરી.?

## સુલતાનાબાદ-ભીમપોરમાં દરબાર હાઉસ વિસ્તારમાં ટીપી રોડ માટે જગ્યાનો કબજો લેવાયો

સુરતઃ સુલતાનાબાદ-ભીમપોર ખાતે ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.79ના ઓ.પી.નં.109 અને 116માં આવેલી દરબાર હાઉસ મિલકતમાંથી 60 મીટર પહોળા ટી.પી. રોડ માટે જરૂરી જમીન ખાલી કરવાની પ્રક્રિયામાં મનપાના અઠવા ઝોન દ્વારા આશરે 2500 ચો.મી. વિસ્તારનો કબજો મેળવી લેવાયો હતો. આ વિસ્તાર સંપૂર્ણ રીતે ટી.પી. રોડમાં આવતો હોવાથી વિકાસ કામ લાંબા સમયથી અટવાયું હતું. હાલ સ્થળ પર 60 મીટર પહોળા સિમેન્ટ કોંક્રીટ રોડનું નિર્માણ ઝડપથી ચાલુ છે. એક વખત રોડ તૈયાર થઈ ગયા બાદ વિસ્તારમાં ટ્રાફિકમાં સુગમતા આવશે, કનેક્ટિવિટી સુધરશે તેમજ આસપાસના વિસ્તારોમાં વિકાસ અને ભૌતિક સુવિધાઓના નવા રસ્તા ખૂલશે.

## વેસુ જિનાલયની બીજી સાલગીરી પર દેલવાડા શૈલીની અદ્ભૂત કોતરણી વચ્ચે મહોત્સવ ઉજવાયો



તસવીર:સતીષ જાદવ

■ વેસુ વિસ્તારમાં સ્થિત 26 શિખરો ધરાવતું દેદીપ્યમાન જિનાલય જેની કોતરણી મુલાકાતીઓને આબુના દેલવાડા મંદિરની યાદ અપાવે છે તેની બીજી સાલગીરા મહોત્સવપૂર્વક ઉજવાઈ હતી. આ પ્રસંગે આ. શ્રી મુક્તિનિલય સુરીશ્વરજી અને આ. શ્રી અર્હમ પ્રભ સુરીશ્વરજી મહારાજસાહેબની નિશ્રામાં મંદિરમાં વિશેષવિધિઓ યોજાઈ હતી. સમગ્ર જિનાલયને સુંદર આંગીથી શણગારવામાં આવ્યું અને રોશનીથી દિપિમાન બનાવવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓએ ઉપસ્થિત રહી જયજયકાર સાથે સાલગીરા ઉત્સવનો આનંદ માણ્યો હતો.

**લાભ પાંચમ પછી પડેલા વરસાદને લીધે લીંબુનો મબલક પાક ઊતરતા ભાવ તૂટ્યા**

# લીંબુના ભાવ કિલોના 10થી 20 રૂપિયા



**લીંબુનું** વધુ પડતું ઉત્પાદન અને શિયાળાના પ્રારંભમાં ઓછું વેચાણ રહેતા ખેડૂતોને લોહીના આંસુએ રડવાનો વારો આવ્યો

**લીંબુનો** છૂટક ભાવ શાકભાજી બજારમાં 25 ટકા વધુ નોંધાયો

સુરત : દિવાળી પહેલા હોલસેલમાં 35 રૂપિયે કિલો વેચાતા લીંબુનો ભાવ ગગડી જતા લીંબુ પકવનાર ખેડૂતોને પોષણક્ષમ ભાવો નહીં મળતા ખેડૂતોને લોહીના આંસુએ રડવાનો વારો આવ્યો છે. કારણકે ઉત્પાદન ખર્ચ જેટલો પણ ભાવ નહીં મળતા ખેડૂતોને નુકસાન થયું છે.

લાભ પાંચમ પછી પડેલા વરસાદને લીધે લીંબુનો મબલખ પાક ઉતરતા સુરત APMC માં કિલો લીંબુ 10 થી 20 રૂપિયે કિલો વેચાયા હતા. સુરત એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખે જણાવ્યું હતું કે, લીંબુના મબલખ ઉત્પાદન અને શિયાળામાં લીંબુના ઓછા વેચાણને લીધે સારી ક્વોલિટીના સુરત માર્કેટ યાર્ડમાં ભાવ મણ (20 કિલો) ના 400 રૂપિયા બોલાયા હતા. જ્યારે હલકી ગુણવત્તાના નાના લીંબુ 20 કિલો 200 રૂપિયે હોલસેલ ભાવે વેચાયા હતા. જોકે શાકભાજી બજારમાં છૂટક ભાવ 20/25 ટકા વધુ રહ્યો હતો.



### પાપડી, તુવેર અને રીંગણ જેવા શાકભાજીના ભાવો આસમાને

દિવાળી બાદ એક સપ્તાહ સુધી માવઠાંને પગલે પાપડી, તુવેર અને રિંગણ જેવા શાકભાજીનાં ભાવો આસમાને પહોંચ્યા છે. શિયાળાનાં પ્રારંભ સાથે જ સ્વાદ રસીક શહેરીજનો ઉંબાડિયું અને ઉંધિયાની સાથે - સાથે સૌરાષ્ટ્રવાસીઓ તુવેર ઠોઠાની જ્યાફ્ત ઉડાડતા હોય છે. એને લીધે પાપડી રીંગણના ભાવો આસમાને પહોંચ્યા છે. 100 રૂપિયે કિલો મળતી પાપડીનો ભાવ 250 રૂપિયા કિલો સુધી પહોંચ્યો છે. જ્યારે તુવેર અને રિંગણનો ભાવ પણ 1200થી 1800 રૂપિયા મણે પહોંચ્યો છે. શિયાળાનાં પ્રારંભ સાથે લીંબુના વપરાશમાં ઘટાડો જોવા મળતો હોય છે. જ્યારે ગરમીમાં વપરાશ વધતો હોય છે.

## વડોદ ગામના કિશોરનું ખાતામાં કામ કરતી વખતે વીજ કરંટ લાગતાં મોત

સુરતઃ વડોદ ગામના કિશોરને ખાતામાં કામ કરતી વખતે વીજ કરંટ લાગતાં મોત નીપજ્યું હતું. મૂળ મધ્યપ્રદેશના વતની આશિષ આતીવાલ કૌલ (રાવત) (ઉં.વ.17) હાલ પાંડેસરાના વડોદ ગામે આવેલા ગણેશનગરમાં ભાઈઓ સાથે રહેતો હતો. આશિષ ભેસ્તાન ખાતે એક રોલ પ્રેસના ખાતામાં નોકરી કરતો હતો. શુક્રવારે રાત્રે 12 વાગ્યાના અરસામાં આશિષ નોકરી પર હાજર હતો. ત્યારે તે સાડી પર ફોઈલ કરવાના મશીન પર કામ કરતો હતો. દરમિયાન મશીનમાં તેનો હાથ આવી જતાં વીજ કરંટ લાગતાં તેનું મોત નીપજ્યું હતું. આશિષના અકસ્માત બાદ કોઈએ તેને સારવાર માટે હોસ્પિટલ નહીં ખસેડતાં પરિવારજનોએ વિડીયો બનાવી રોષ વ્યક્ત કર્યો હતો. તેમજ બીજા દિવસે બપોરે 4 વાગ્યાના સુમારે તેના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

# પેટ્રોલપંપના મેનેજર સહિત બે સાથે 61.40 લાખની ઠગાઇ

**પેટ્રોલપંપ** પર પાણી વેચવા આવેલા રૂપેશે ઓક્સિક્યોર પાણીના માલિકની ઓળખ આપી સારો નફો આપવાની લાલચ આપી પૈસા ખંખેર્યા

સુરત :ડુંભાલના પેટ્રોલપંપના મેનેજર સહિત બે જણાને ઠગે ઓક્સિક્યોર પાણીના માલિકની ઓળખ આપી પાણી બોટલના ધંધામાં ભાગીદાર બનવાથી સારો નફો મળવાની લાલચ આપી 61.40 લાખ ખંખેરી લેતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.

અલથાણ કેનાલ રોડ સ્થિત રઘુવીર સિમ્ફોનીમાં રહેતા વિજય ભુદરભાઈ પટેલ ડુંભાલમાં આવેલા નાયરા પેટ્રોલપંપ પર મેનેજર તરીકે નોકરી કરે છે. જુલાઈ 2024માં તેમના પેટ્રોલપંપ પર રૂપેશ રણજીત દુધોરીયા આવ્યો હતો અને પોતે ઓક્સિક્યોર કંપનીનો માલિક હોવાનું અને તે પાણીની બોટલો વેચતા હોવાનું જણાવ્યું હતું.

બાદમાં એક દિવસ રૂપેશ આવ્યો હતો અને પાણીના ધંધામાં સારો નફો હોવાનું કહીને તેમની કંપનીમાં રોકાણ કરવા માટે કહ્યું હતું. બાદમાં ધંધામાં ભાગીદાર બનાવી 2 થી 3 ટકા વળતર આપવાનું કહ્યું હતું. જેથી લાલચમાં આવી ગયેલા વિજયે રૂપેશને ટુકડે ટુકડે રૂપિયા 45 લાખ રોકાણ માટે આપ્યા હતા. જ્યારે હિતેશ સંઘવીએ પણ તેને રૂપિયા 16.40 લાખ રોકાણ માટે આપ્યા હતા. થોડો સમય નફા પેટે પૈસા આપ્યા બાદ રૂપેશે ધંધો બરાબર ચાલતો નહીં હોવાનું કહીને પૈસા આપવાના બંધ કરી દીધા હતા. જ્યારે વિજયે પોતાની મુડી પરત માંગતા પહેલો પોતે દુબઈ હોવાના બહાના બનાવ્યા બાદ પૈસા આપવાનો ઈન્કાર કરી દીધો હતો. જેથી વિજય પટેલે અલથાણ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે રૂપેશ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.